# ગુણોનો ભંડાર છે કેસૂડો!



**કેસૂડાને પલાશના નામથી પણ ઓળખવામાં આવે છે. આયુર્વેદના જાણકારો એને ગુણોનો ભંડાર પણ માને છે. હોળીના તહેવારમાં ભગવાન માટે કેસૂડાનાં ફૂલોનો ઉપયોગ કરવામાં આવે છે. ચામડીના રોગો સહિત અનેક બીમારીઓના ઈલાજ તરીકે પણ કેસૂડાનાં ફૂલોનો ઉપયોગ કરવામાં આવે છે.**

કેસૂડાનું વૃક્ષ કાળી માટીમાં સારી રીતે વૃદ્ધિ પામે છે. ખારાશવાળી માટી તેને અનુકૂળ છે. તેમાંથી નીકળતો ગુંદર ઔષધિ તરીકે તેમ જ ચામડું રંગવામાં ઉપયોગી છે. તેનાં કુમળાં મૂળમાંથી એક જાતના રેસા નીકળે છે, જેનાં દોરડાં અને દેશી ચંપલ બને છે. અંદરની છાલમાંથી નીકળતા રેસાનાં દોરડાં અને કાગળ બને છે. તેનાં પાનનાં પતરાળાં બનાવાય છે. ખાતર તરીકે તેનાં પાન ઘણાં સારાં છે. તેનાં બિયાંમાંથી સ્વચ્છ તેલ નીકળે છે. કેસૂડાનાં ફૂલ ઉકાળી તેમાં ફટકડી નાખવાથી સુંદર પીળો રંગ થાય છે. દેખાવમાં સાગને મળતું તેનું લાકડું બાંધકામમાં ઉપયોગી છે. બંદૂકનો દારૂ અને કોલસા બનાવવામાં તે કામ આવે છે. બે વર્ષનાં કુમળાં વૃક્ષનાં મૂળ કેટલાક ગરીબ લોકો શેકીને ખાય છે, પણ મૂળ કાચાં ખવાય તો ચક્કર આવે.

## કેસૂડાના ઔષધીય ફાયદા



- ગર્ભવતી સ્ત્રીને દરરોજ કેસૂડાનો ભૂકો દૂધ સાથે આપવામાં આવે તો એનાથી આવનારું બાળક બળવાન અને વીર્યવાન બને છે અને શરૂઆતના મહિનામાં જો સ્ત્રીને કોમળ કેસૂડાનાં ફૂલ મસળીને ગાયના દૂધ સાથે આપવામાં આવે તો બાળક શક્તિશાળી અને પહેલવાન પેદા થાય છે.

- અંડકોષ વધી ગયું હોય તો કેસૂડાની છાલનું છ ગ્રામ ચૂર્ણ પાણી જોડે પીવાથી ફાયદો થાય છે.

- મહિલાએ ગર્ભધારણ ના કરવો હોય તો કેસૂડાનાં બીજનો લેપ કરીને લગાડી શકે છે.

- જો પેશાબમાં બળતરા થતી હોય તો કેસૂડાનો રસ ઉકાળીને પીવાથી તેમાં ફાયદો થાય છે.

- તેજ તાવ આવી ગયો હોય ત્યારે કેસૂડાના પાનનો રસ બનાવી શરીર પર લગાડવાથી ૧૫ મિનિટમાં જલન કમ થઈ જશે અને ઠંડક પણ મળશે.

- વાગ્યું હોય અને ઘા મટી ના રહ્યો હોય તો કેસૂડાના થડનું ચૂરણ બનાવી ઘા પર છાંટવાથી રાહત મળે છે.

- પગ સૂજી ગયો હોય કે હાથીપગો થયો હોય તો કેસૂડાના થડનો રસ સરસવના તેલમાં મિક્સ કરી સવાર- સાંજ ૨ ૨ ચમચી પીવાથી મોટી રાહત મળે છે.

- જો આંખો નબળી હોય તો કે આંખોની રોશની તેજ બનાવી હોય તો કેસૂડાનો રસ કાઢી એમાં મધ મિલાવી આંખોમાં કાજલ લગાવતા હોય એ રીતે લગાવી સૂઈ જવાનું. એનાથી મોટો ફાયદો મળશે અને રાતના સમયે ના દેખાતું હોય તો કેસૂડાના થડનો અર્ક લગાડવાથી લાભ થશે.

- પુરુષોમાં જોવા મળતી નપુંસકતામાં પણ કેસૂડાનાં બીજ કામ આવે છે. જેને તમે દવામાં મેળવીને પણ લઈ શકો છો.

- શરીરમાં કંઈક ગાંઠ ઉભરી આવી હોય તો એમાં કેસૂડાને ગરમ કરીને એની ચટણી જેવું બનાવી એનો લેપ એ જગ્યા પર લગાડવાથી રાહત મળે છે.

- કેસૂડાનાં બીજને લીંબુના રસ જોડે પીવાથી દાદખુજલી, ખંજવાળમાં આરામ મળે છે.

- કેસૂડાનાં પાનથી બનેલા પતરાળામાં જો ભોજન કરવામાં આવે તો એ ચાંદીનાં વાસણમાં ખાધા બરોબર છે. જેનો આપણે પહેલાંના લગ્નપ્રસંગમાં ઉપયોગ કરતા હતા.

- કેસૂડાનાં ફૂલનો ભૂકો ગળ્યા દૂધ સાથે અથવા આમળાના રસ જોડે પીવાથી વીર્યમાં વૃદ્ધિ થાય છે અને હાડકાં પણ મજબૂત બને છે અને શરીર પણ સારું રહે છે.

- વસંત ઋતુમાં મળતાં કેસૂડાને ગરમ પાણીમાં ઉકાળીને એ પાણીથી નહાવામાં આવે તો ઘોર ગરમીમાં શરીરને ઠંડક આપે અને એ પાણી પણ પીવાથી કેટલાક ચામડીના રોગોમાં રાહત મળે છે.

- મહિલાઓને માસિક વખતે પેશાબમાં રૂકાવટ આવતી હોય તો કેસૂડાને ઉકાળી એના ગરમ, નરમ ફૂલને પેઢા પર બાંધવાથી ખૂબ જ લાભ થાય છે.

- મોતિયો આવ્યો હોય એવા લોકો આંખમાં કેસૂડાનો રસ નાખે તો ખૂબ જ લાભ મળી શકે છે.

- આંખો આવી હોય એવા સમયે કેસૂડાનાં ફૂલોનો રસ મધમાં મિલાવી આંખમાં લગાડવાથી રાહત મળે છે.

- કેસૂડાનાં બીજમાં પેલાસોનીંન નામનું તત્ત્વ હોય છે. જે એક ઉત્તમ કૃમિનાશક છે. એના ૩ થી ૬ ગ્રામ બીજનું ચૂરણ સવારે દૂધ જોડે ત્રણ દિન સુધી, ચોથે દિવસે સવારે ૧૦ થી ૧૫ મી લી એરંડાના તેલમાં મેળવીને પીવડાવવામાં આવે તો કરમિયાનો તાત્કાલિક નિકાલ થાય છે.

- જો વીંછી કરડ્યો હોય તો કેસૂડાનાં બીજ અને આકડાના પર્ણને દૂધ સાથે પીસીને લગાડવામાં આવે તો વીંછી કરડેલી જગ્યાએ થતો દુખાવો મિટાવી શકાય છે.

- નાક કે મૂત્ર વાટે અથવા મળત્યાગની જગ્યાએથી લોહી આવતું હોય તો કેસૂડાની છાલનો કાઢો (૫૦ મી.લી ) બનાવી ઠંડું કરી એમાં મોરસ ભેળવી પીવડાવવામાં આવે તો મોટી રાહત મળે છે.

- પથરી એ આજકાલનો મોટો પ્રશ્ન છે. જયારે પથરીનો દુખાવો ઉપડ્યો હોય ત્યારે કેસૂડાનાં ફૂલને પલાળી રાખી સવારે એ પાણી આપવું અને એના ફૂલને પેઢા ઉપર બાંધવા. પેશાબ સમયે ફોર્સમાં પથરી નીકળી જશે. આ એક સફળ પ્રયોગ છે.

- કેસૂડાનાં ફૂલથી બાળકને સ્નાન કરાવવામાં આવે છે. નવજાત બાળક માટે શ્રેષ્ઠ ઔષધ છે. કેસૂડાના પાનને પાણીમાં ઉકાળીને તે પાણીથી બાળકને સ્નાન કરાવવાથી ઓરી, અછબડા, લૂ અને ગરમીના રોગથી રક્ષણ મળે છે.

- કેસૂડાનાં ફૂલનો રસ શરીરમાં એસિડનો પ્રકોપ ઘટાડે છે. તરસ છીપાવે છે અને લોહી તથા પેશાબને શુદ્ધ કરે છે. આથી જે લોકોને ઉનાળામાં પેશાબમાં બળતરા થતી હોય, દુખાવો થતો હોય તેમને ચોક્કસથી કેસૂડાનું પાણી પીવાથી લાભ થાય છે.

- ઉનાળામાં ઘણા લોકોને નસકોરી ફૂટવાની સમસ્યા થાય છે. આખી રાત કેસૂડાનાં પાંચ-સાત ફૂલ પલાળીને રાખો. સવારે તેને ગાળીને તેમાં થોડી સાકર ઉમેરીને દર્દીને આપો. આમ કરવાથી નસકોરીની સમસ્યામાંથી છૂટકારો મળે છે.

**- દીપક જગતાપ**

